# જિલ્લા પંચાયતમાં આઠ તલાટીના બદલીના હુકમ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીઓનો બીજીવાર ગંજીફો સત્તાવાળાઓ દ્વારા ચીપવામાં આવ્યો છે. ત્રણ માસના ટુંકાગાળામાં બીજીવાર બદલીઓનો દોર સત્તાવાળાઓ દ્વારા હાથ પર લેવામાં આવતાં તંત્રમાં અનેક તર્ક-વિતર્ક થવા લાગ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બીજા દોરની આ બદલીઓમાં ૮ તલાટીઓની બદલીના હુકમો કરાયા છે.

જેમની બદલી કરાઈ છે તેમાં એમ.પી. મિસ્ત્રી કોલવડાને બદલી મગોડી ખાતે, શ્રીમતિ સી.એમ. મુંગરાની બદલી ચંદ્રાલા ખાતે, એ.જી. પટેલને ચંદ્રાલાથી પ્રાંતિયા, શ્રીમતિ આર.જી. ચૌધરીને ખડાતથી ટીંટોડા, આર.એન. ગઢવીને મગોડીથી રાંદેસણ-રાયસણ, દેવાંગ દેસાઈને નાષ્મેદથી એસ.આર.માં અને એન.એમ. બ્રહ્મભટ્ટને દંતાલીથી રકનપુર ખાતે બદલી આપવામાં આવી છે.


# લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે મેનિફેસ્ટો માટે તૈયારીઓ આરંભી

ગાંધીનગર,તા.૧૮

કોંગ્રેસે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે તૈયારી શરૂ કરી છે. લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે મેનીફેસ્ટોની પણ તૈયારીને શરૂ કરી છે. કોંગ્રેસે જેના માટે અલગ-અલગ ૨૦ વર્કિંગ ગ્રૂપ બનાવ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની સુચના બાદ જુદા-જુદા ક્ષેત્રના નિષ્ણાતો સાથે પરામર્શ બેઠક યોજાશે. કોંગ્રેસ નેતા કુમારી શૈલજાએ રાજ્યના કોંગ્રેસ પ્રમુખ પાસેથી શહેરી વિસ્તાર અંગે સૂચન માગ્યા છે. કોંગ્રેસ મોંઘવારી અને બેરોજગારી જેવા મુદાઓને મેનિફેસ્ટોમાં સ્થાન આપી શકે છે. આ ઉપરાંત શહેરી નાગરીકોના જીવનમા કેવી રીતે પરિવર્તન લાવી શકાય તે અંગેના સુચનો પણ માગવામાં આવ્યા છે.

મહત્વનું છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે છેલ્લી ઘડીએ પોતાનો મેનિફેસ્ટો જાહેર કર્યો હતો. અને ભાજપે પણ કર્ણાટકની ચૂંટણીમાં છેલ્લા દિવસોમાં પોતાનો મેનિફેસ્ટો જાહેર કર્યો હતો. ત્યારે મહત્વનું છે કે મેનિફેસ્ટોએ લોકોને કરેલા વાયદાઓનો લેખિત પુરવા સમાન

● અનુસંધાન પાન-૭ પર



નવલી નવરાત .. નવદુર્ગાની આરાધનાના દિવ્ય અને પવિત્ર પર્વમાં મહાઅષ્ટમીની રાત્રે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવના ગબ્બર ચોકમાં માંઈ ભકતોને અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જતો એક અદભુત દિવ્ય નઝારો સર્જાયો હતો. આસુરી શકિત પર દૈવી શકિતનો વિજયના વધામણાના આ પર્વમાં આઠમા નોરતે ગબ્બર ચોકમાં દિવ્ય ઉજાસ પથરાયો હતો. કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહીત કરતા નોરતાના પર્વ દરમિયાન ટમટમતા દિવડાઓની જયોત સાથે અનેરી આધ્યાત્મિક શકિત પણ પ્રજવલિત થઈ હતી.માતાજીની ભવ્ય મહાઆરતીથી સમગ્ર ગરબા મેદાનમાં અનોખી દિવ્યતા પ્રજવલિત થઈ હતી. ૨૫ હજાર જેટલા ભાવિકોએ હાથમાં દિવડા રાખી માતાજીની આ મહાઆરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. દિવડાઓની હારમાળા અને ઘુપથી મઘમઘતા ગરબા મેદાનમાં આસોની રઢિયાળી રાતમાં દિવ્ય અજવાળુ પથરાતા અનોખી આધ્યતાત્મિક ચેતનાનો સંચાર થયો હતો. જગમગતા દિવડાઓના આછેરા અજવાળામાં વાઘ પર સવાર માં જગદંબાની પ્રતિકૃતિનુ નિર્માણ થયુ હતુ. વાઘ પર સવાર માં ના ભાવિકોએ હેતે ઓવારણા લીધા હતા. ગાંધીનગર ઉપરાંત બહારથી આવતા ભાવિકોએ પણ માતાજીની મહાઆરતીમાં જોડાઈને ધન્યતા અનુભવી હતી. અંતરમનમાં પણ ઉજાસ પાથરતી આ મહાઆરતીના અંતે ભાવિકોને મહાપ્રસાદનુ પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# મહેન્દ્રસિંહ વાઘેલાનું ભાજપમાંથી રાજીનામુ



## વ્યકિતગત કારણોસર રાજીનામુ આપ્યું : હાલ હવે કઈ રાજકીય પક્ષમાં નહિ જોડાય તેવી અટકળો

ગાંધીનગર, તા.૧૮

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના મોટા દિકરા મહેન્દ્રસિંહ વાઘેલાએ ભાજપમાંથી આજે રાજીનામુ આપતાં રાજકીય સન્નાટો ઉભો થવા પામ્યો છે.

રથયાત્રાના દિવસે મહેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં વિધિવત રીતે જોડાયા હતા. આમ તો રાજયસભાની ચૂંટણી વેળાએ તેમણે કોંગ્રેસના ધારાસભ્ય તરીકે અને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું.

મહેન્દ્રસિંહ વાઘેલાએ તેમના રાજીનામાનો પત્ર માત્ર એક જ લીટીનો લખ્યો છે જેમાં કેટલાક વ્યકિતગત કારણોસર આ રાજીનામુ આપી રહ્યાનું જણાવ્યું છે.

મહેન્દ્રસિંહ વાઘેલાના નિકટવર્તી વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે હાલ તેઓ કોઈ રાજકીય પક્ષમાં જોડાવા માગતા નથી. તેઓ હાલ તેમની શૈક્ષણિક

● અનુસંધાન પાન-૭ પર

# જાતિ અંગેનું ખોટુ પ્રમાણપત્ર રજૂ કરનારે સરકારી નોકરી છોડવી પડશે

## જાતિ અંગેના પ્રમાણપત્રના કાયદાને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી

ગાંધીનગર,તા.૧૮

રાજ્યના કેટલાક ભાગોમાં બનેલી ખોટા જાતિના દાખલાઓ અંગેની ઘટનાને રાજ્ય સરકારે ગંભીરતાથી લીધી છે. જાતિના ખોટા પ્રમાણપત્રોને આધારે અનામત પ્રથાને લાભ લેનારાઓ સાચા લોકોના બંધારણીય અધિકારોનો લાભ મેળવતા હતાં. આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને ગુના તરીકે ઠેરવી તેનો સંપૂર્ણ નાશ કરવાના હેતુથી ગુજરાત સરકારના સંબધિત બે વિભાગો આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સંયુકત રીતે કાયદો તૈયાર કરવામાં આવ્યો છે. આ કાયદાને હવે મંજૂરી મળી ગઈ છે.

રાજ્યના આદિજાતિ પ્રધાન ગણપતસિંહ વસાવાએ જણાવ્યું કે, જાતિ અંગેના ખોટા પ્રમાણપત્રોના આધારે લાભ લેનારાઓને હવે કડકમાં કડક સજા કરવામાં આવશે. આ અંગેના કાયદાને ભારતના રાષ્ટ્રપતિની મંજૂરીની મહોર

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના માણસામાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

## જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪૭ થઈ : વાહકજન્ય રોગચાળાના પણ છુટાછવાયા કેસોથી તંત્રની ચિંતા બેવડાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાંથી સ્વાઈન ફ્લુનો વધુ ૧ કેસ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪૭ પર પહોંચી છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા સતત વધી રહી છે ત્યારે તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. વાહકજન્ય રોગચાળાના કેસો પણ છુટાછાવાયા મળી રહ્યા છે એટલે તંત્રમાં દોડધામ સતત જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાંથી સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળી આવેલ છે. ૫૪ વર્ષીય આધેડને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જેની સંખ્યા ૨૫ જેટલી થવા જાય છે. આ વખતે સ્વાઈન ફ્લુમાં મહિલા દર્દીઓ પણ વધુ જોવા મળી રહ્યા છે જે નોંધનીય છે.

જિલ્લામાં મળી આવેલા ૪૭ કેસ પૈકી ૩૩ દર્દીઓ સારવારથી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૭ દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે જ્યારે ૭ દર્દી હજુ પણ સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો વધતાં આરોગ્ય કમિશ્નરેટ પણ હરકતમાં આવ્યુ છે. કમિશ્નરની ટીમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવી હતી. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી ત્યાં ઝડપી નિદાન થાય તે માટે પણ ટીમે જણાવ્યુ હતુ.

જિલ્લાતંત્રોને આરોગ્ય કમિશ્નરે પત્ર લખી નવરાત્રી જેવા પર્વોની ઉજવણી દરમ્યાન જનજાગૃતિ અભિયાનની તક ઝડપી લેવા માટે તાકીદ કરતો પત્ર પણ લખ્યો હતો. જો કે જિલ્લામાં તંત્ર તેણે પોતે જ જનજાગૃતિ અભિયાન માટેના તૈયાર કરેલા રોડમેપ આધારે ચાલતુ હોવાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે.

# પલ્લીના મેળામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

## લાખો શ્રદ્ધાળુઓની હાજરીમાં વરદાયિની માતાજીની પલ્લી નિકળી : દર વર્ષની જેમ જ આ વખતે પણ ભવ્ય આયોજનમાં લાખો શ્રદ્ધાળુ જોડાયા, શેરીનું વાતાવરણ ગુલાલમય બન્યું : રૂટ પરની ગલીઓમાં શુદ્ધ ઘીની નદીઓ

અમદાવાદ, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં રૂપાલ ગામે વરદાયિની માતાજીના મંદિરથી દર વર્ષની જેમ જ આ વર્ષે નવરાત્રિના છેલ્લા દિવસે અભૂતપૂર્વ ધાર્મિક માહોલ વચ્ચે આજે રાત્રે પલ્લી કાઢવામાં આવી હતી. રૂપાલમાં પાંડવો-શ્રીકૃષ્ણ ભગવાને શરૂ કરેલી માતાજીની પલ્લી પરંપરા આજે અકબંધ રહી છે. એવી માન્યતા છે કે, માતાજીએ પોતાના લોહીવાળા વસ્ત્રો અને શરીર શુદ્ધ કરવા માટે અહીં માનસરોવર પ્રગટ કર્યું હતું અને રાક્ષસોનો નાશ કરીને પોતાના લોહીવાળા વસ્ત્રો અહીં શુદ્ધ કર્યા હતા. ત્યારબાદથી અહીં જ વસવાટ કરી દીધો હતો. આજે પલ્લીના ભાગરુપે પાર્કિંગની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. છ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. લાખો ભક્તોના ધસારાને લઈને મંદિરના આસપાસના વિસ્તારમાં છથી વધુ સ્થળોએ ફ્રી પાર્કિંગની વ્યવસ્થા કરાઈ હતી. પાર્કિંગના સ્થળે જમીન માલિકોને વરદાયિની માતા ટ્રસ્ટ દ્વારા પૈસાની ચુકવણી કરવામાં આવનાર છે. ગયા વર્ષે માતાજીની પલ્લીમાં પાંચ લાખ ઘીનો અભિષેક કરાયો હતો. ૧૨ લાખથી વધુ શ્રદ્ધાળુ પલ્લી અને મંદિરના દર્શનનો લ્હાવો લેવા પહોંચ્યા હતા. નવરાત્રી પર્વના છેલ્લા દિવસે ગાંધીનગર પાસે આવેલા રૂપાલ ગામ નજીક વરદાયીની માતાના મંદિરથી અભૂતપૂર્વક ધાર્મિક માહોલ વચ્ચે પલ્લી કાઢવામાં આવી હતી. પરંપરાગત રીતે નિકળેલી આ પલ્લીમાં શુદ્ધ ઘીનો અભિષેક કરાયો હતો. ગુરુવારે મોડી રાત્રે નિકળેલી આ પલ્લીમાં આ વખતે પણ હજારો ભાવિક દ્વારા ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો. શેરીઓ ગુલાલમય બની ગઈ હતી. કેટલાક લોકો તો ૧૫ કિલો ઘીના ડબ્બા પણ ટ્રોલી અને અન્ય ડબ્બાઓમાં ઠાલવતા નજરે પડ્યા હતા. અભૂતપૂર્વ ધાર્મિક માહોલ સર્જાયો હતો. શ્રદ્ધાની દેવી વરદાયીની માતાજીના દર્શન કરવા માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. અભૂતપૂર્વ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચવાના કારણે પહેલાથી જ આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર દ્વારા વહિવટી તંત્રને એલર્ટ કરી દેવાયું હતું.



## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **કેશવલાલ હીરજીભાઈ પટેલ (સાંખલા)** તા.૧૬-૧૦-૨૦૧૮ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૦-૧૦-૨૦૧૮ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : જીઆઈડીસી એસોસીએશન હોલ, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર**

**સત્યમ કેશવલાલ પટેલ (પુત્ર)**
**દીપક કેશવલાલ પટેલ(સાંખલા) (પુત્ર) ઈશ્વરભાઈ હીરજીભાઈ પટેલ (ભાઈ)**
**હીતેષ નેકચંદભાઈ પટેલ (ભત્રીજા) ચંન્દ્રકાન્ત હીરજીભાઈ પટેલ (ભાઈ)**





ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com